# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.


भारत 2023 INDIA

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૪૯૯૪

તા.૦૮/૦૮/૨૦૨૩

પરિપત્ર-૩૪૩૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે પુજારા ફિલ્મ્સ, વડોદરા દ્વારા "માનગઢ હત્યાકાંડ ગોવિંદ ગુરુ" નામની ફિલ્મ બનાવી છે. જે ફિલ્માં માનગઢ હત્યા કાંડનો ઈતિહાસ જાગૃત કરે છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ દ્વારા આપણા વિસ્તારની યુનિવર્સિટીનું નામ શ્રી ગોવિંદ ગુરુના નામ પરથી રાખવામાં આવેલ છે. માનગઢ હત્યાકાંડ બનાવની ખબર સમગ્ર ગુજરાતને થાય તેવા આશયથી બનાવવામાં આવેલ આ ફિલ્મમાં જલીયાવાલા હત્યાકાંડથી પણ મોટા હત્યાકાંડને ઉજાગર કરે છે. તે સમયે અંગ્રેજો દ્વારા આદિવાસી સમાજ પર કરેલા અત્યાચારો અને આ અત્યાચારો સામે શ્રી ગોવિંદ ગુરુ દ્વારા કરવામાં આવેલ આંદોલન, આદિવાસી સમાજના જાગૃતિના કામોની જાણકારી આ ફિલ્મમાં દર્શાવવામાં આવેલ છે. આ ફિલ્મ તા.૨૮/૦૭/૨૦૨૩ થી પંચમહાલ, મહીસાગર, દાહોદ જિલ્લાના ગુજરાતી સિનેમાઘરોમાં પ્રસારિત કરવામાં આવેલ છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓને ફિલ્મ ટીકિટના ૫૦% ડિસ્કાઉન્ટ પુજારા ફિલ્મ્સ દ્વારા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે તમામ માનગઢ હત્યાકાંડ વિષે જાણકારી મેળવે અને ફિલ્મ સમગ્ર ગુજરાતમાં પ્રસારિત થાય તે અંગે સૌએ સહકાર આપવા વિનંતી. આ અંગેની જાણ આપના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પ્રસારિત કરવા કાર્યવાહી કરવા વિનંતી.

For. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.